# મંગળવાર દાવેદારો માટે મંગલ બની રહ્યો

## ભાજપે એક સાથે પાંચ વોર્ડના દાવેદારોને સાંભળ્યા : સવારથી જ ભાજપના કાર્યકરોના ટોળેટોળા ઉમટ્યા

**મહાનગરનો મહાસંગ્રામ - સંજય દૃષ્ટિ**

મહાનગરના મહાસંગ્રામમાં આજે દાવોદારોનો દિવસ બની રહ્યો. ઉમેદવારી પત્ર ભરવાના બીજા દિવસે પણ એક પણ ઉમેદવારી પત્ર ભરાયું નથી. જોકે ૨૦૦ જેટલા સંભવિત ઉમેદવારો કોરા ફોર્મ લઈ ગયાના અહેવાલો છે. અર્થાત્ પક્ષોના માન્ય ઉમેદવારો ઉપરાંત અપક્ષો અને નાના પક્ષોની સંખ્યા પણ મોટી રહેશે એમ મનાય છે. હજુ વહીવટી તંત્રને ચૂંટણી સંદર્ભે થોડીક રાહત છે. પરંતુ ૭મી અને ૮મીએ ઉમેદવારી પત્રો ભરવાની લાઈનો લાગી જશે. ત્યારબાદ ચકાસણી અને પાછા ખેંચવાની પ્રક્રિયા માથાનો દુખાવો બનશે.


ભાજપમાં આજે એક સાથે પાંચ વોર્ડના દાવેદારોને સાંભળવાની ક્વાયત યોજાઈ હતી. વહેલી સવારથી જ ટોળેટોળા નિયત સ્થાનો પર સંભવિત ઉમેદવારો રજૂઆત કરવા ઉમટ્યા હતા. વોર્ડ નં. ૧માં ભાજપના વરિષ્ઠ પ્રદેશ અગ્રણીઓ ભરતભાઈ પંડ્યા અને મિનાક્ષીબેન પટેલે જી.આઈ.ડી.સી. કોમ્યુનિટી સેન્ટર ખાતે ભાજપના ૩૮થી વધુ દાવોદારોને ઝીણવટપૂર્વક સાંભળ્યા હતા. સિટીંગ કોર્પોરેટર દેવેન્દ્રસિંહ ચાવડા અને જાગૃતિબેન પુરોહિત ઉપરાંત સંગઠનના અગ્રણીઓ પૂર્વ પ્રમુખ નિતીનભાઈ પટેલ, યુવા મોરચાના અગ્રણી ઉરેનભાઈ પટેલ અને બ્રહ્મ સમાજના અગ્રણી સુનિલભાઈ ત્રિવેદી સહિત મોટી સંખ્યામાં કાર્યકરોએ દાવેદારી નોંધાવી હતી. વોર્ડ નં. ૨ના દાવેદારોને ભાજપના સત્તાવાર કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા અને ગ્રંથ નિર્માણ બોર્ડના ચેરપર્સન ભાવનાબેન દવેએ ૨૭થી વધુ દાવેદારોને શાંતિપૂર્વક સાંભળ્યા હતા. ઈન્દ્રોળા, બોરીજ જેવા ગ્રામીણ વિસ્તારોમાંથી ટ્રેક્ટરો ભરી ભરીને દાવેદારોની રજૂઆત માટે ગ્રામજનો ઉમટ્યા હતા. યુવા મોરચાના અગ્રણી પદમસિંહ ચૌહાણ સહિત ૨૬ ઉમેદવારોએ પોતાની દાવેદારી રજૂ કરી હતી.

વોર્ડ નં. ૩ના દાવેદારોને પણ બપોર બાદ શ્રી કમલમ્ સેક્ટર-૨૧ના ભાજપ કાર્યાલય ખાતે રાજ્યના કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજા અને વરિષ્ઠ મહિલા અગ્રણી જ્યોતિબેન વસાણીએ ૨૦થી વધુ ઉમેદવારોને સાંભળ્યા હતા. પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, ડેપ્યુટી મેયર સુભાષ પાંડવ, મહિલા અગ્રણીઓ નિકીતાબેન શાહ સહિત અનેક કાર્યકરોની જુદા જુદા પાસાઓથી રજૂઆતો સાંભળી હતી. વોર્ડ નં. પમાં દાવેદારોનો રાફડો ફાટ્યો હતો. સેક્ટર-૧૨ના ભાજપના કાર્યાલય ખાતે સવારે ૧૦ વાગ્યાથી જ ભાજપના વરિષ્ઠ અગ્રણી શ્રી દુષ્યંતભાઈ પંડ્યા અને અમદાવાદના પૂર્વ ડેપ્યુટી મેયર દર્શનાબેન વાઘેલાએ ૫૬થી વધારે દાવેદારોને સાંભળ્યા હતા. સિટીંગ કોર્પોરેટર ગોવિંદભાઈ પરમાર સહિત પ્રદિપસિંહ વાઘેલા, લલિતભાઈ પટેલ અને રેણુકાબેન પટેલ સહિત અનેક દાવેદારોની રજૂઆતો સમીક્ષા કરી હતી. જ્યારે વોર્ડ નં. ૮ના દાવેદારોને સવારે ૧૦ વાગ્યાથી ભાજપના પ્રદેશ મહામંત્રી કે. સી. પટેલ અને વડોદરાના પૂર્વ મેયર જ્યોતિબેન પંડ્યાએ ૨૮થી વધુ દાવેદારોને સાંભળ્યા હતા. સિટીંગ કોર્પોરેટર અને પક્ષના અગ્રણી મનુભાઈ પટેલ, શહેર ભાજપના અગ્રણી શ્રી નરેશભાઈ પરમાર, ડૉ. રાજેશભાઈ શાહ અને મેહુલ પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો રજૂઆત કરવા ઉમટ્યા હતા.

કોંગ્રેસ પક્ષમાં પણ આજે પ્રદેશ કક્ષાએ જિલ્લાના નેતાઓની રજૂઆતો સાંભળી હતી. વોર્ડ વાઈઝ તૈયાર કરાયેલી પેનલોમાં કેટલાક ફેરફારો પણ સૂચવાઈ રહ્યા છે. સંભવિત ઉમેદવારોના વોર્ડ બદલવાની પણ વિચારણા ચાલી રહી છે. જીતના ઉમેદવારોને પસંદગીના વોર્ડ આવાની નીતિ લગભગ સ્વીકારાઈ રહી છે. કોંગ્રેસ વ્યૂહાત્મક રીતે આગળ વધે છે. પ્રદેશ કોંગ્રેસનું મોવડીમંડળ પણ જિલ્લાના નેતાઓની હિલચાલ ઉપર બારીક નજર રાખી રહી છે અને શહેરમાં પરીણામલક્ષી વાતાવરણ માટે મહેનત કરી રહ્યું છે. મંગળવારે મળતી માહિતી મુજબ વોર્ડ નં. ૨ અને ૩ લગભગ ગોઠવાઈ ગયા છે. જોકે, વોર્ડ નં. ૧ કોંગ્રેસ માટે શિરદર્દ બની રહ્યો છે. વોર્ડ નં. પમાં પણ પસંદગીની સ્થિતિ અઘરી બનતી જાય છે. વોર્ડ નં. ૬ કોંગ્રેસ માટે પસંદગીમાં ઝાઝી માથાકૂટ નથી. જ્યારે વોર્ડ નં. ૭ અને ૮માં લડત આપી શકે તેવા ઉમેદવારોને પસંદગી માટે સમાજોના અગ્રણી સાથે ચર્ચાઓ ચાલી રહી છે. જોકે, બિનસત્તાવાર સૂત્રો મુજબ કાલે સાંજ સુધીમાં પેનલને આખરી સ્વરૂપ અપાશે અને સાતમીએ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની પરામર્શ બાદ ૧૨ થી ૧૫ ઉમેદવારોની જાહેરાત કરાશે અને બાકીનાની જાહેરાત ૮મીએ કરાશે.

## કોંગ્રેસ જીતના ઉમેદવારોની પસંદગીને આખરી ઓપ આપે છે : લગભગ ત્રણ વોર્ડના ઉમેદવારો આખરી ઓપ અપાઈ ગયો છે : બાકીના પાંચને આજકાલમાં ઓપ અપાશે

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**તમારા સનને અમે આઇન્સ્ટાઇન નહી બનાવી શકીએ... કેમ કે તમારો આઈ ક્યુ ઓછો છે... જો આઇ ક્યુ બરાબર હોત તો તમે અમારા ટીચરને જોઇને જ સમજી ગયા હોત કે અહીં તમારો સન આઇન્સ્ટાઇન બની જશે..**

## ડી. જી. વણઝારા ૮મીએ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા.૫

છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાતની બહાર રહેલા ડી.જી વણઝારા તા.૮મી ના રોજ ગાંધીનગર ખાતે તેમના નિવાસ સ્થાને આવશે. અમદાવાદ એરપોર્ટ ખાતે પોણા દશ વાગે તેમનું સ્વાગત પરિવાર અને સમાજના આગેવાનો દ્વારા કરવામાં આવશે. ત્યાંથી તેઓ ગાંધીનગર ટાઉનહોલ ખાતે આવશે જયાં તેમના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના ટાઉનહોલ ખાતે તા. ૮મી ના રોજ મોટી સંખ્યામાં સમાજના ભાઈ બહેનો, મિત્રો સહિત પરિવારના સભ્યો હાજર રહેશે. ડી.જી. વણઝારાના આગમનથી તેમના પરિવાર ખુશીનું મોજુ ફરી વળ્યું છે. ત્યારે ગાંધીનગરમાં પણ તેમના આગમનને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## મનપાની ચૂંટણીમાં અમે ગાંધીનગરને કોંગ્રેસ મુક્ત બનાવીશુ : અશોક પટેલ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકાની આગામી ચૂંટણીમાં અમે શહેરને કોંગ્રેસ મુક્ત બનાવીને રહીશુ તેમ ભાજપના ગાંધીનગર (દ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

ગૌરવકૂચના આયોજન માટે બોલાવેલી પત્રકાર પરિષદમાં ધારાસભ્યશ્રીએ જણાવ્યુંહતું કે શહેરને કોંગ્રેસ મુક્ત બનાવવા માટે અમારી પાસે ૫૦ હજાર જેટલા શુભેચ્છકો અને નોંધાયેલા પ્રાથમિક સભ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે અમે ચૂંટણીની તૈયારી માટે નાનામાં નાની બાબત અને કાર્યકરોની લાગણીઓને ધ્યાને રાખી અમારી વ્યૂહરચનાને આખરી ઓપ આપી રહ્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની કોંગ્રેસ મુક્ત ભારતની કલ્પનામાં ગાંધીનગર અગ્રેસર બનશે. તેમણે જણાવ્યુ હતુ કે આ ચૂંટણી માટેની તમામ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

પત્રકાર પરિષદમાં હાજર શહેર પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ) અને પ્રભારી શ્રીમતિ રમીલાબેન બારાએ જણાવ્યું હતું કે ચૂંટણીમાં અમે વિકાસના મુદ્દાને જ લઈ જવાના છીએ. આ ચૂંટણી માટે અમે અમારા વિઝનની ઘોષણા પણ ૧૨મી પછી કરી દેશુ તેમ બધાએ એકસૂરમાં કહ્યું હતું.

ગત વખતની ચૂંટણીમાં પણ ભાજપને મત કોંગ્રેસ કરતાં વધુ મત મળ્યા હતા એ વાત ના ભુલવી જોઈએ તેમ ભાજપના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

આ આગેવાનોએ જણાવ્યુ હતુ કે બીજી સામાન્ય ચૂંટણી માટે કાર્યકરોમાં ભારે ઉત્સાહ છે એટલુ જ નહિ વિકાસ એ જ અમારૂ લક્ષ્ય છે. અમે સતત લોકોની સાથે રહ્યા છીએ અને કોંગ્રેસ મુક્ત ગાંધીનગર બનાવવા માટે અમે કોઈ મોટો પડકાર જોતા નથી.

# ગાંધીનગર શહેર આસપાસ અકસ્માતોની વણઝાર

## દિવસ દરમ્યાન સર્જાયેલા અકસ્માતના બનાવમાં ત્રણને ગંભીર ઈજા અન્યનો આબાદ બચાવ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારમાં માં દિન-પ્રતિદિન અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. બેફામ ગતિએ વાહન હંકારતા વાહન ચાલકો વાહન પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાય છે. આજે શહેર તેમજ આસપાસના વિસ્તારમાં છ જેટલા નાના મોટા અકસ્માત બનાવો બન્યા છે. જેમાં ત્રણ લોકોને ગંભીર ઈજા અન્ય લોકોને સામાન્ય ઈજા થવા પામી છે. જયારે સૌથી વધુ બનાવો સામસામે વાહનો ટકરાવાના બન્યા છે.





ગાંધીનગર શહેરમાં સવારના સુમારે ગ માર્ગ પરથી જીજે૬એફક્યુ-૯૪૦૪ બોલેરો જીપ પસાર થઈ રહી ત્યારે અચાનક ૧૨-૧૩ના ક્રોસ રોડ પાસે સેક્ટર-૧૩ માંથી આવી ગયેલા બાઈક ચાલકને બચાવવા જતા બોલેરો જીપ પલટી મારી ગઈ હતી.બોલેરો જીપ પલટતા આસપાસના રહીશો તેમજ વાહન ચાલકો આવી પહોંચ્યા હતા. જો કે બનાવમાં જીપમાં સવાર તેમજ ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી.જયારે બીજા બનાવમાં ચિલોડા-હિંમતનગર માર્ગ પર ધણપ પાસે આવેલા જૈન દેરાસર સામે જઈ રહેલી રીક્ષાને પાછળના ભાગથી વેગનઆર કાર નં - જીજે૯બીસી-૫૪૭૪ના ચાલકે ટક્કર મારતા કાર ચાલક કાબુ ગુમાવી બેસતા કાર પલટી મારી ગઈ હતી. કારમાં સવાર બે વ્યકિતઓને સામાન્ય ઈજા જયારે કાર ચાલકને હાથના ભાગે ગંભીર ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ અને ત્યાથી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જયારે ચિલોડા સર્કલ ખાતે બપોરના સુમારે સેન્ટ્રો કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમા કાર ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક ચાલકને ઈજા પહોંચી હતી. ચિલોડા સર્કલ પાસે બનાવ બનતા મોટીસંખ્યામાં લોકો ટોળા એકઠા થયા હતા. ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં માર્ગ અકસ્માતના બનાવોમાં વધારો નોંધાયો છે. શહેર અને જિલ્લામાં વાહનોની સંખ્યામાં સતત વધારો થતો રહે છે. ટ્રાફીકના નિયમોનું પાલન ન કરતા હોવાથી પણ કેટલાક અકસ્માતના બનાવો બનતા બને છે.

### ગુજરાત વીજ નિયમન પંચના અધ્યક્ષ આનંદકુમારનો શપથગ્રહણ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત રાજય વીજ નિયમન પંચ જીઈઆરસીના નવા વરાયેલા અધ્યશ્રશ્રી આનંદુકમારને આજે હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ઊર્જા રાજયમંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, મુખ્ય સચિવશ્રી જી.આર. અલોરિયા, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી કૈલાસનાથન, અગ્ર સચિવશ્રી એસ. અપર્ણા, અગ્રસચિવશ્રી ગુલાટી તથા જીઈઆરસીના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.



### નાંદોલ ગામના બહુચરાજી માતાજીના મંદિરે બાવન ગજની ધ્વજા રોહણ વિધિનું આયોજન

દહેગામ તાલુકાના નાંદોલ ગામ સ્થિત બહુચરાજી માતાજીના મંદિરે બાવન ગજની ધ્વજારોહણ વિધિ તેમજ સવા અગિયારમણના લાડુનો મહાપ્રસાદ ચઢાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૭મી એપ્રિલને ગુરુવારના રોજ સવારે ૯.૦૦ કલાકે બહુચરાજી માતાજીના શિખરે બાવન ગજની ધ્વજા રોહણવિધિ કરાશે. ત્યારબાદ સવા અગિયાર મણના લાડુનો મહાપ્રસાદ ચઢાવાશે. આ પ્રસંગે નાંદોલ આનંદ ગરબા મંડળ, દહેગામ આનંદ ગરબા મંડળ, પરઢોલ-નરોડા સહિતના આનંદ ગરબા મહિલા મંડળની બહેનો તથા નાંદોલના માઈભકતો ભરતભાઈ સોની, પ્રવિણ પટેલ, દર્શીત પટેલ હાજર રહેશે.

### ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી અંગે બન્ને પક્ષોમાં જામેલી કશ્મકશને લઈ ૮મીએ જ ઉમેદવારોની યાદી જાહેર થશે તેમ મનાઈ રહ્યું છે.
- ગાંધીનગરના ‘ક’ રોડ પર હોર્ડિંગ્સ હોવાની ફરિયાદ મળતાં આજે તંત્ર દોડી ગયું હતું અને હોર્ડિંગ્સો દૂર કર્યા હતા.
- ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી માટે ૨૧૬ ઈ.વોટર્સનું રજીસ્ટ્રેશન આજ સુધીમાં થયું છે.
- આજે ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ઉચકાતાં લોકોએ બપોરના સમયમાં કરફ્યુ પાળ્યો હોય તેવી સ્થિતિ હતી. વધતી જતી ગરમીને પગલે ‘ચા’ની કીટલીઓ પર ઘરાકી પણ ઘટવા પામી છે.
- ગરમીનો પારો વધતાં જ શહેરની પાણીની માંગમાં વધારો થવા પામ્યો છે.
- ગાંધીનગર મહાનગર પાલિકામાં ચૂંટણી માટેના નો ડ્યુ સર્ટિફિકેટ મેળવવા માટે ભારે ધસારો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર મનપાની ચૂંટણીને પગલે સેક્ટરોમાં હવે ચોકઠા બેઠકોનો સિલસિલો શરૂ થઈ જવા પામ્યો છે.

# જાખોરા ગામે ૧૨૭ લાખથી વધુના વિકાસ કામોનું ખાતમુહૂર્ત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાના જાખોરા ગામને સાંસદ આદર્શ ગામ યોજના અંતર્ગત સાંસદ પરેશ રાવલે દત્તક લીધું છે. આજરોજ સાંસદ પરેશ રાવલના હસ્તે જાખોરા ગામમાં રૂપિયા ૧૨૭ લાખથી વધુના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં ગામના વિવિધ વિસ્તારના સી.સી રોડ, પાણીના બોરને ફરતે કમ્પાઉન્ડ વોલ અને નવીન પંચાયત ઘરના બાંધકામનો સમાવેશ થાય છે. આ પ્રસંગે સાંસદ પરેશભાઈ રાવલે ગ્રામજનોની લાગણીનો સત્કાર કરીને કહ્યું હતું કે, હું આપના માટે કશું કરતો નથી, આપનું છે, તે આપને પરત કરી રહ્યો છું. જાખોરા ગામના વિકાસ કામોમાં હું નિમિત્તે બન્યો છું, તે બદલ મારી જાતને ધન્ય અનુભવું છું. રસ્તા, વીજળી અને પાણીની સુવિધા હોય તે ગામને આદર્શ ગામ હું નથી માનતો, પણ ગામમાં આ સુવિધાઓ સાથે સાથે સ્વચ્છતા, શિક્ષણ અને સમરસતા હોય તે સાચા અર્થમાં આદર્શ ગામ છે. તે ઉપરાંત આદર્શ ગામમાં રહેતા ગ્રામજનો મન, વિચાર, સંસ્કાર અને કર્મથી પણ સ્વચ્છ હોવો ખૂબ જ જરૂરી છે. જેના થકી આદર્શ ગામનું વાતાવરણ પણ આદરકશ બને છે.

સાંસદએ વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર આપના ગામમાં વિકાસનાકામો માટે જરૂરી સુચારું આયોજન કરશે. પણ ગ્રામજનો દ્વારા રસ્તાનું કામ થતું હોય ત્યારે તેનું લેવલ કેવી રીતે માપવું અને તેની કેમ તકેદારી રાખવી તે અંગેની દૃષ્ટાંત પૂર્વક વાત કરી હતી. સ્વચ્છ ભારત અભિયાનને વધુ સાર્થક કરવા માટે તેઓએ ગામની મહિલાઓને સ્વચ્છતા માટેનો આગ્રહ રાખવાનું આહૂવાન કર્યુ હતું. સાંસદ પરેશભાઈ રાવલે ગામની સ્વચ્છતાની જાત તપાસ કરવા માટે પગપાળા ગામની મુલાકાત લીધી હતી. તે ઉપરાંત ગામની પ્રાથમિક શાળામાં સેનીટેશન અને અન્ય સુવિધાઓની પણ જાણકારી મેળવી હતી. આ પ્રસંગે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, દસાડાના ધારાસભ્ય પૂનમભાઈ મકવાણા, જિલ્લા કલેકટર રવિશંકર, જિલ્લા વિ. અધિકારી કૌશિક ભીમજીયાણી, શ્રી નૈલેશભાઈ શાહ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન દેવાંગણ, જિલ્લા આયોજન અધિકારી એન.જી.પટેલ, ગામ અને સહકારી સંઘના અગ્રણી કોદરભાઈ પટેલ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.



# શિક્ષણ ક્ષેત્રે ગુજરાત ૨૧ ક્રમાંકે ધકેલાઈ ગયું છે : એનએસયુઆઈ

ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાઓથી લઈ કોલેજો સુધી રાજકીય આધિપત્ય પ્રસ્થાપિત કરવાના પ્રયાસો કરનાર ભાજપ સરકારે ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદની રચના કરવાનો નિર્ણય લઈ ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓને મૃતઃપાય કરવાનો કારસો ઘડ્યો છે. ભાજપ સરકાર આ પરિષદ મારફતે રાજ્યની યુનિવર્સિટીઓમાં રાજકીય વિચારધારાનું આધિપત્ય કેન્દ્રની એનડીએ સરકારની જેમજ આરએસએસનું સામ્રાજ્ય સ્થાપવા માંગે છે. ભાજપ સરકારના ભ્રષ્ટાચારી, દિશાવિહીન શિક્ષણ વિભાગને લીધે ગુજરાતના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ ભોગ બની રહ્યાંનો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ એનએસયુઆઈના પ્રમુખશ્રી આદિત્યસિંહ ગોહિલ અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ગુલાબસિંહ રાજપૂત, શાહનવાઝ શેખે સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ભાજપ સરકાર દ્વારા ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદની રચના કરવા માટે ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષની ગેરહાજરીમાં બિલ પસાર કરી લેવાયેલાં નિર્ણય શિક્ષણજગત માટે ખુબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. ઉચ્ચ શિક્ષણ પરિષદને આપવામાં આવેલી અમાપ સત્તાઓ દ્વારા ભાજપ સરકારે રાજ્યની તમામ યુનિવર્સિટીઓની શૈક્ષણિક, વહીવટીય અને નાણાંકીય સત્તાઓ પોતાના હાથમાં લઈ લીધી છે. આ પરિષદના અધ્યક્ષ મુખ્યમંત્રી તથા ઉપાધ્યક્ષ અને સહઉપાધ્યક્ષ મંત્રીઓને રાખી ભાજપ સરકારે તેમાંથી શિક્ષણવિદોની બાદબાકી કરીને માત્ર રાજકીય દૃષ્ટિકોણ અપનાવ્યો છે. ભાજપ સરકાર દ્વારા મોટાભાગે રાજકીય રીતે કરવામાં આવતી નિમણૂંકોમાં હવે, કુલપતિશ્રી સરકારની રાજકીય કઠપૂતળી બની જશે. રાજ્યની મોટાભાગની યુનિવર્સિટીમાં મહત્વની જગ્યાઓ રજીસ્ટ્રાર, પરીક્ષા નિયામક અને ચીફ એકાઉન્ટન્ટ ઓફિસરો જેવી મહત્વની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. ભાજપ સરકાર આ પરિષદની ભલામણોના આધારે કે પોતાની રીતે હવે કોઈપણ યુનિવર્સિટીને મનફાવે તેવા સુધારા કરવા અને થોપી દેવા આદેશો કરી શકશે. આ પરિષદ દ્વારા હવે યુનિવર્સિટીઓના અભ્યાસક્રમો તૈયાર કરવાથી લઈ તેની પુનઃરચના કરવા સુધીની જોગવાઈ કરવામાં આવી છે.જેના પરિણામે કેન્દ્રની ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકારની જેમ ગુજરાતમાં પણ રાજ્ય સરકાર શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓમાં આરએસએસ જેવી સંસ્થાઓનું સામ્રાજ્ય સ્થાપી તેમની વિચારધારા થોપી દેશે.